પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૫૪ | ૭ માર્ચ, ૨૦૨૧, રવિવાર; મહા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઈંગ્લેન્ડ સામે ભારતે ટેસ્ટ-શ્રેણી જીતી

**ટેસ્ટની જીત સાથે ભારત વર્લ્ડ ટેસ્ટની ફાયનલમાં : અક્ષર પટેલ-અશ્વિનના સ્પિન સામે ઈંગ્લિશ બેટસમેન્સ ફરી નિષ્ફળ : ભારતનો ચોથી અને છેલ્લી ટેસ્ટમાં એક ઈનિંગ્સ, ૨૫ રને ભવ્ય વિજય, અક્ષર પટેલ અને અશ્વિને ઈંગ્લેન્ડની બીજી ઈનિંગ્સમાં ૫-૫ વિકેટ લીધી**

અમદાવાદ, તા.૬

અક્ષર પટેલ અને રવિચંદ્રન અશ્વિન સામે ઈંગ્લેન્ડના બેટ્સમેનો વધુ એક વખત ઘૂંટણીયે પડી જતા ભારતે અમદાવાદમાં રમાયેલી ચોથી અને અંતિમ ટેસ્ટ ક્રિકેટ મેચમાં એક ઈનિંગ્સ અને ૨૫ રને ભવ્ય વિજય નોંધાવ્યો છે. આ વિજય સાથે જ ભારતે ચાર ટેસ્ટ મેચની સિરીઝ ૩-૧થી જીતી લીધી છે. આ ઉપરાંત ભારતે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પણ પ્રવેશ કરી લીધો છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ ભારત અને ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ





જૂનમાં ઈંગ્લેન્ડના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાશે. ઈંગ્લેન્ડે પ્રથમ દાવમાં ૨૦૫ રન નોંધાવ્યા હતા જેના જવાબમાં ભારતે ૩૬૫ રનનો સ્કોર નોંધાવ્યો હતો. બીજા દાવમાં ઈંગ્લેન્ડ ૧૩૫ રનમાં જ આઉટ થઈ જતા ભારતનો એક ઈનિંગ્સ અને ૨૫ રને વિજય થયો હતો.

પ્રથમ દાવની જેમ બીજા દાવમાં પણ ઈંગ્લિશ બોલર્સ અક્ષર અને અશ્વિનની જોડી સામે લાચાર જોવા મળ્યા હતા. પ્રથમ દાવમાં ઈંગ્લેન્ડના ૨૦૫ રનના જવાબમાં ભારતે તેના પ્રથમ દાવમાં ૩૬૫ રન નોંધાવ્યા હતા. આમ બીજા દાવમાં ઈંગ્લેન્ડ દેવા સાથે રમતમાં ઉતર્યું હતું. ઈંગ્લેન્ડ બીજા દાવમાં લડત આપશે તેવું લાગી રહ્યું હતું પરંતુ તેના બેટ્સમેનો સ્પિન બોલિંગ સામે સફળ રહ્યા ન હતા. ઈંગ્લેન્ડનો બીજો દાવ ૧૩૫ રનમાં સમેટાઈ ગયો હતો. અક્ષર પટેલે પ્રથમ દાવમાં ચાર અને બીજા દાવમાં પાંચ એમ કુલ નવ વિકેટ ઝડપી હતી. જ્યારે અશ્વિને પ્રથમ દાવમાં ત્રણ અને બીજા દાવમાં પાંચ એમ કુલ આઠ વિકેટ પોતાના નામે કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ખેડૂત આંદોલનના ૧૦૦ દિવસ પૂરા : કાળો દિવસ ઉજવ્યો

**ખેડૂત નેતા ટિકૈતને એક છાત્રાએ આંદોલન સંદર્ભે કેટલાક સચોટ સવાલ પૂછતાં તેમની બોલતી બંધ થઈ ગઈ હતી**

નવી દિલ્હી, તા.૬

કેન્દ્ર સરકારે નવા કૃષિ કાયદા અંગે ૧૦૦ દિવસથી ખેડુતોનું પ્રદર્શન ચાલી રહ્યું છે, શનિવારે ખેડુત સંગઠને આદોલનનાં સો દિવસ પુરા થવા પર કેએમપી એક્સપ્રેસ-વે ની પાંચ કલાકની નાકાબંધીની સાથે એકસોમાં દિવસને કાળા દિવસ તરીકે મનાવવામાં આવ્યો, વિરોધ પ્રદર્શનમાં તમામ ખેડુતોએ કાળી પટ્ટી બાંધીને વિરોધ નોંધાવ્યો, તે ઉપરાંત ખેડુતોએ ડાસના, દુહાઈ, બાગપત, દાદરી, ગ્રેટર નોઈડાનાં માર્ગો પર ચક્કાજામ કર્યું, આગામી રણનિતી માટે ખેડુત સંગઠન ૧૫ માર્ચે ફરી બેઠક કરી આગળની રણનિતી નક્કી કરશે.

ખેડુતો નેતાઓ આગામી દિવસોમાં દરેક સપ્તાહે કોઈને કોઈ કાર્યક્રમ આયોજીત થતો રહે તે માટે કાર્યક્રમ તૈયાર કરશે, અને તે માટે ૧૫મી માર્ચે ખેડુત સંગઠનોની બેઠક યોજાશે, તેમાં રણનિતી અંગે ચર્ચા થશે, તે ઉપરાંત કિસાન મહાપંચાયતો પણ યોજાતી રહેશે.

૬ નવેમ્બર ૨૦૨૦થી શરૂ થયેલું ખેડુત આદોલન બાદ કેન્દ્ર સરકારે પહેલી વખત ૧ ડિસેમ્બરનાં દિવસે ખેડુતો સાથે વિજ્ઞાન ભવનમાં ચર્ચા કરી, ત્યાર બાદ ખેડુતો અને સરકાર વચ્ચે ૧૧ તબક્કાની ચર્ચા થઈ ચુકી છે, પરંતુ એક પણ બેઠકમાં ખેડુતોની

● અનુસંધાન પાન-૭ પર




## વાહનોની આગળની સીટના પેસેન્જર માટે એરબેગ ફરજીયાત

ન્યુ દિલ્હી,તા.૬

મોદી સરકારે વાહનોની આગળની સીટના પેસેન્જર માટે એરબેગને ફરજીયાત કરી દીધી છે. કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયએ શુક્રવારના રોજ કહ્યું કે એરબેગને ફરજીયાત કરવાની જોગવાઈના સંબંધમાં ગેઝેટ નોટિફિકેશન બહાર પાડી દીધું છે. હવે કંપનીઓને નવી કારમાં ૧ એપ્રિલથી ડ્રાઈવર અને તેની બાજુવાળી સીટ માટે એરબેગ લગાવવી જ પડશે.

મોટર વાહનોમાં જ્યારે અકસ્માત થાય છે તો સૌથી વધુ ખતરો આગળની સીટ પર બેસનારા લોકોને જ હોય છે. જો મોટર વાહનોની સામ-સામે ટક્કર થાય છે તો આગળની સીટો પર બેઠેલા લોકોના જીવને વધુ જોખમ હોય છે. આ સ્થિતિને ટાળવા માટે સરકારે હવે મોટર વાહનોમાં આગળની સીટ પર એરબેગને ફરજીયાત કરી દીધી છે. આ જોગવાઈ ૧ એપ્રિલ ૨૦૨૧ કે ત્યારબાદ બનતા વાહનો પર લાગૂ થશે.

હવે સરકાર વાહનોની આગળની સીટના પેસેન્જર્સ માટે એરબેગને ફરજીયાત કરી દીધી છે. કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે મંત્રાલયે

● અનુસંધાન પાન-૭ પર

## વડાપ્રધાન મોદીએ કેવડિયા ખાતે ઓલ ઈન્ડિયા કમાન્ડર કોન્ફરન્સમાં હાજરી આપી

કેવડિયા,તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે કેવડિયાના પ્રવાસે હતા. તેઓ અમદાવાદ જવા રવાના થયા છે. દેશની સુરક્ષાને લઈને મોદી સેનાના ઉચ્ચ અધિકારીઓ સાથે



જ્યાં તેઓએ ઓલ ઈન્ડિયા કમાન્ડર કૉન્ફરન્સમાં હાજરી આપી હતી. કૉન્ફરન્સ પૂર્ણ કરીને ચર્ચા કરી હતી અને ત્યાર બાદ કૉન્ફરન્સને સંબોધન કર્યુ હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અમદાવાદ એરપોર્ટ પર આજે સવારે આગમન થયું હતું. જ્યાં તેમનું રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સ્વાગત કર્યું હતું. પીએમ એક દિવસની ગુજરાતની મુલાકાતે આવ્યા છે. અમદાવાદ એરપોર્ટથી હેલિકોપ્ટરથી તેઓ નર્મદાના કેવડિયા ખાતે પહોંચ્યા હતા. જ્યાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, સીડીએસ બિપીન રાવત, સંરક્ષણ સચિવ અજયકુમાર, ગુજરાતના મુખ્ય સચિવ અનિલ મુકીમ સહિત જિલ્લાના અધિકારીઓએ પીએમ મોદીનું સ્વાગત કર્યું હતું. તેઓ હેલિપેડથી સીધા ઓલ ઈન્ડિયા કમાન્ડર કૉન્ફરન્સમાં ભાગ લેવા માટે પહોંચી ગયા હતા. દેશના સંરક્ષણ મંત્રી રાજનાથસિંહને ભારતીય વાયુદળના વડોદરા વિમાની મથકેથી ભાવસભર વિદાય આપવામાં આવી હતી. સંરક્ષણ મંત્રી બે દિવસથી કેવડીયા ખાતે પ્રથમવાર યોજાયેલી ઓલ ઈન્ડિયા કમાન્ડર કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. વિમાની મથકે સાંસદ રંજન બહેન ભટ્ટ, પોલીસ કમિશનર ડો. શમશેરસિંહ, જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલ અને વાયુદળના અધિકારીઓએ તેમને વિદાય આપી હતી. તાજેતરમાં વડોદરા મહાનગરપાલિકામાં કોર્પોરેટર તરીકે ચૂંટાયેલા પરાક્રમસિંહ જાડેજાએ સંરક્ષણ મંત્રીનું અભિવાદન કર્યું હતું.

## સોનાના ભાવ વધુ નહીં તૂટે એવું નિષ્ણાતોનું અનુમાન

મુંબઈ , તા.૬

નવ મહિના સુધી સોનાના ભાવ આસમાને રહ્યા બાદ હવે તેના વળતા પાણી શરુ થયા છે. ભારતીય બજારમાં શુક્રવારે સોનું પ્રતિ દસ ગ્રામ ૪૩ હજાર રુપિયાની આસપાસ પહોંચી ગયું હતું. ઓગષ્ટમાં જ સોનાએ ૫૬,૩૧૦ રુપિયાનો ઓલટાઈમ હાઈ બનાવ્યો હતો, જેનાથી તે હાલ ૨૧ ટકા નીચે છે. આ કડાકો સૂચવે છે કે સોનું ટેકનિકલી જોવા જઈએ તો ઘટાડા ભણી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ગોલ્ડની કિંમતોમાં ઓચિંતો કડાકો બોલાયા બાદ ઘરઆંગણે પણ તેની અસર જોવા મળી રહી છે.

## મમતાના વિશ્વાસુ સાંસદ ત્રિવેદી ભાજપમાં જોડાયા

**વિધાનસભાની ચૂંટણી પહેલાં મમતાને મોટો આંચકો : ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જેપી નડ્ડાની હાજરીમાં ત્રિવેદીએ કેસરિયો ખેસ ધારણ કર્યો**

નવી દિલ્હી, તા.૬

એક સમયે મમતા બેનર્જીના વિશ્વાસુ કહેવાતા અને પૂર્વ રેલવે મંત્રી પણ રહી ચૂકેલા તૃણમૂલ કોંગ્રેસના નેતા અને પૂર્વ રાજ્યસભા સાંસદ દિનેશ ત્રિવેદી ભાજપમાં જોડાઈ ગયા છે. ત્રિવેદીનું ભાજપમાં જોડાઈ જવું મમતા બેનર્જી માટે વિધાનસભા ચૂંટણી પહેલા મોટો ફટકો માનવામાં આવે છે, કારણકે ત્રિવેદી સ્વચ્છ છબિ ધરાવતા નેતા છે.

આજે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જેપી નડ્ડા અને કેન્દ્રિય મંત્રી પીયૂષ ગોયલની હાજરીમાં ત્રિવેદીએ કેસરિયો ખેસ ધારણ કર્યો હતો. આ ક્ષણને 'સોનેરી' ગણાવતા રાખશે. બંગાળની વિધાનસભા ચૂંટણીમાં પોતે ઝંપલાવશે કે કેમ તે સવાલનો જવાબ આપતા ત્રિવેદીએ કહ્યું હતું કે ચૂંટણી લડવાની થાય કે




તેમણે કહ્યું હતુ કે પોતે લાંબા સમયથી તેની રાહ જોઈ રહ્યા હતા. નડ્ડાજી અને મારા દોસ્તો જાણે છે કે હું તેના માટે રાહ જોઈ રહ્યો હતો. મેં ક્યારેય વિચારધારા નથી છોડી. મારા માટે દેશ સૌથી સર્વોપરી છે. દરેકને વિશ્વાસ છે કે ભાજપ અને પીએમ મોદી દેશને સુરક્ષિત ના થાય તે અલગ વાત છે, પરંતુ એટલું ચોક્કસ છે કે તેઓ ચૂંટણીમાં સક્રિય ભૂમિકા ભજવશે. તેમણે કહ્યું હતું કે બંગાળે ટીએમસીને જાકારો આપી દીધો છે. બંગાળની જનતા વિકાસ ઈચ્છે છે, ભ્રષ્ટાચાર અને હિંસા નહીં. બંગાળ પરિવર્તન માટે તૈયાર છે.

Vશાલ
SUPER MARKETની આજ
મહેન્દ્રકાકા ઘ-૨ વાળાની
સોડા ફ્રી
બપોરે ૩ થી રાત્રે ૯
કુડાસણ

3 BHK ફ્લેટ વેચવાનો છે
195 ચોરસ વાર
શુકન સિલ્વર
સ્વામિનારાયણ ધામની સામે, કુડાસણ, ગાંધીનગર.
9737112299

Dr. Devi B. Gajjar M.S. (E.N.T.)
Consultant, Ear, Nose & Throat. Head & Neck Surgeon
Phone : 94095 83530 | e-mail : devisuthar3@gmail.com

EMERGENCY 24 HRS.

વિવિધ ઓપરેશનની મોર્ડન ટેકનોલોજી સાથેની સુવિધાઓ

- કાન માટેના દરેક ઓપરેશનની આધુનિક માઈક્રોસ્કોપ દ્વારા અપાતી સારવાર.
- નાકના મસા/સાયનસની શરદી માટે થતા ઓપરેશન, એન્ડોસ્કોપીક સાયનસ સર્જરી માટે આધુનિક એન્ડોસ્કોપ અને કેમેરા ઉપલબ્ધ.
- નાસૂરના ઓપરેશન માટે એન્ડોસ્કોપ (દૂરબીન) તથા ટાંકા વગરના ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ.
- કાકડા તથા નાકના પાછળના મસા માટે આધુનિક પદ્ધતિ તેમજ દુ:ખાવો ના થાય તેવા મશીન (Coblator) ની સુવિધા ઉપલબ્ધ.
- થાયરોઈડના ઓપરેશન, ગળાની ગાંઠો (કંઠમાળ)ના ઓપરેશન, લાળ ગ્રંથિની ગાંઠોના ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ.
- દૂરબીન વડે સ્વરપેટી, અન્નનળી તેમજ ગળાના રોગોના નિદાનની સુવિધા ઉપલબ્ધ.
- જડબાના રોગો (જેમ કે જડબાની ગાંઠ), જડબાના ફ્રેક્ચર, નાકના હાડકાનું ફ્રેક્ચર તેમજ ચહેરાના અન્ય હાડકાનાં ફ્રેક્ચરની સારવાર ઉપલબ્ધ.
- મોઢાના કેન્સર, ગળાના અન્ય તેમજ ચહેરાના કેન્સરનું નિદાન અને સારવાર ઉપલબ્ધ.

Dr. Mahesh Suthar M.S. (E.N.T.), DLO
Senior Consultant, Ear, Nose & Throat. Head & Neck Surgeon
C/o MADHUR HOSPITAL, Doctor House, IDAR (S.K.)
Phone : 98253 23353 | e-mail : vraj.idr@gmail.com
Timing : Saturday, 5.00 pm to 8.00 pm. By Appointment Only

Hi Tech HOSPITAL
Multy Speciality Hospital
WE CARE
Plot : 1180, GH-Road, Sector - 3D, Gandhinagar.
Ph. : 079-232 40555. hitech.hospital2008@gmail.com

PARAM 079-23243644